સાબરકાંઠામાં વાદળીયા તાપથી લોકો ત્રાહીમામ

આકાશમાં ચઢી આવેલા વાદળોથી ગરમી ઘટી, બાફ અને ઉકળાટ વધ્યો : વાવાઝોડાની નહીવત અસરોની શક્યતા વચ્ચે તંત્ર

હિંમતનગર, તા. ૧૩

અરબી સમુદ્રમાં ઉદ્‌ભવેલા ફેરફારને કારણે દરિયામાં છેલ્લા કેટલાક દિવસોથી વાયુ નામનુ વાવાઝોડુ આકાર લઈ ચુક્યુ છે. ત્યારે બુધવારથી શુક્રવાર દરમ્યાન તે દક્ષિણ ગુજરાત સહીત સૌરાષ્ટ્ર અને કચ્છને ઘમરોળ કરી રહ્યુ છે ત્યારે સાબરકાંઠામાં તેની અસરો નહીવત થવાની છે. પરંતુ વાતાવરણમાં આવેલા બદલાવ બાદ જિલ્લામાં પડેલા વાદળીયા તાપથી લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા. જોકે ગરમી ઘટી હોવા છતાં બાફ અને ઉકળાટને લીધે લોકોને ચેન પડતુ ન હતુ.

સાબરકાંઠા જિલ્લામાં બુધવારે વહેલી સવારથી જ વાતાવરણમાં આવેલા પલ્ટાની અસરો દેખાઈ હતી. જેના લીધે આખો દિવસ વાદળછાયો રહ્યો હતો. વાદળોને કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૫ ટકાથી વધુ જણાયુ હતુ. જેને લીધે બાફ અને ઉકળાટ અસહ્ય બની ગયો હતો. બુધવારે જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા સહીતના અન્ય સ્થળે સુર્યના સીધા કિરણો જમીન પર પડ્યા ન હતા.

તેમ છતાં દિવસ દરમ્યાન વાતાવરણમાં વધેલા ભેજને કારણે લોકો પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા અને શરીર પર ધારણ કરેલા કપડા પણ પરસેવાથી ભીંજાઈ ગયા હતા. બપોરના સુમારે સામાન્ય તાપ જોવા મળ્યો હતો. પરંતુ આકાશમાં વાદળોની સતત ચાલી રહેલી સંતાકુકડીને કારણે ઘડીક વાદળ તો ઘડીક તડકો જોવા મળ્યો હતો. બીજી તરફ વાયુ વાવાઝોડાની અસરો સાબરકાંઠામાં નહીવત થવાની હવામાન વિભાગે કરેલી આગાહી છતાં વહીવટીતંત્રએ લોકોને સાવચેત રહેવા તાકીદ કરી છે. વાયુ વાવાઝોડાથી ઉત્તર ગુજરાત સહીત સાબરકાંઠામાં ક્યાક વરસાદના છાંટા થવાની શક્યતા છે. તથા પવનની ગતિ રોજ કરતા વધુ રહેવાની આગાહી કરાઈ છે. ત્યારે જિલ્લામાં તા. ૧૩ અને ૧૪ના રોજ વાવાઝોડાની અસરોથી વિજ પુરવઠામાં ખલેલ પહોંચી શકે છે. જેથી લોકોએ પોતાની જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ હાથવગી રાખવી જોઈએ.

વાવાઝોડાની અસરોને લીધે જો કોઈ મુશ્કેલી હોય અથવા તો અપ્રિય દુર્ઘટના અંગે જાણકારી મળે તો તાલુકા અને જિલ્લાકક્ષાએ કાર્યરત કરાયેલ તંત્રના કંટ્રોલરૂમને તાકીદે જાણ કરવા જિલ્લાવાસીઓને તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉત્તર ગુજરાતમાં "વાયુ" વાવાઝોડાની ઇફેક્ટ : વાતાવરણમાં પલટો

વાયુ વાવાઝોડુ રાત્રે અથવા તો ગમે તે ઘડીએ સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠે ટકરાશે. ત્યારે વાવાઝોડાને લઈને અરવલ્લી જીલ્લા સહીત ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓ વહેલી સવારથી જ વાતવરણમાં ભારે પલટો જોવા મળ્યો હતો. આકાશે કાળા ડિબાંગ વાદળો જોવા મળ્યા હતા. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વાયુ વાવાઝોડું ત્રાટકવાની આગાહી છે ત્યારે તેની અસર રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જોવા મળી રહી છે. અરવલ્લી જિલ્લામાં પણ વહેલી સવારે વાયુ વાવાઝોડાની અસર જોવા મળી હતી. કાળઝાળ ગરમી વચ્ચે વાદળછાયું વાતાવરણ વહેલી સવારથી જ જોવા મળ્યું હતું. આકાશમાં વાદળો ઘેરાવાથી વાતાવરણમાં સવારથી જ ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમીથી રાહત મળી હતી. વાયુ વાવાઝોડાને લઈને અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર પણ સતર્ક બન્યું છે અને કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે.

વડગામ પંથકમાં મશીન દ્વારા જમીનમાં વાયર નાખવાની ચાલતી કામગીરી

કયા ડિપાર્ટમેન્ટ દ્વારા વાયર નાખવાની કામગીરી કરાઈ રહી છે, લોકો અવઢવમાં

અગાઉ પણ કોઇક કંપની દ્વારા મંજૂરી વિના જ વાયર નાખ્યો હતો

વડગામ પંથકમાં છેલ્લા કેટલાક સમય થી ગામે ગામ કોઈ કંપની દ્વારા જમીન ઉપર થોડે થોડે અંતરે ખાડા ખોદીને બાદમાં મશીન

થી જમીન માં હોલ પાડીને વાયર નાખવા ની કામગીરી કરાઈ રહી છે.

નગાણા ગામમાં એક ખેડૂત દ્વારા આ અંગે પુછતાજ કરતા કામ કરતા લોકોદ્વારા ઉદ્ધત જવાબ અપાય રહ્યો છે.આ જ રિતે અગાઉ પણ કોઈક કંપની દ્વારા વાયર નાખવામાં આવ્યો હતો વાયર ની લાઈન નાખનાર કંપની દ્વારા તાલુકા ભરમાં રોડની સાઈડો માં તેમજ કેટલીક જગ્યાએ વન વિભાગ ની હદમાં પણ આડેધડ ખાડા ખોદી તેમજ જમીન માં હોલ પાડીને વાયર નાખવા ની કામગીરી પુરજોશમાં કરાઈ રહી છે ત્યારે આ કામગીરી શાની કરાય રહી ? તેમજ કોના દ્વારા કરાય રહીછે ? કઈ કંપની દ્વારા કામ કરાય રહ્યું છે તે કામ કરતા લોકો અજાણ હોવાનું જણાવી રહ્યા છે ત્યારે વડગામ તાલુકા માં બેઠેલા પ્રશાસનના અધિકારીઓ દ્વારા આ બાબતે તપાસ કરાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

વડગામ તાલુકાના ના ગામડાઓ માં કોઈ કંપની દ્વારા થોડે થોડે અંતરે ખાડા ખોદીને જમીન માં મશીન દ્વારા હોલ પાડી વાયર નાખવામાં આવી રહ્યો છે હાલમાં વાયર નાખવાની કામગીરી પિલુચા , વડગામ તરફ ચાલી રહ્યું છે.ત્યારે નગણા નજીક નેશનલ હાઈવે ની બાજુમાં તેમજ ખેતર માલિક ના ખેતર માં કામ ચાલુ છે.

ખેતર ના માલિકો દ્વારા પૂછવા જતા કામ કરી રહેલા લોકો ઉદ્ધત જવાબ આપી રહ્યા મહેશભાઈએ જણાવ્યું હતુ કે આ કંપનીનું કામ ચાલી રહ્યું છે તે બાબતે કામ કરી રહેલા લોકો જ અજાણ હોવાનુ જણાવી રહ્યા છે કામગીરી કરી રહેલ કોઈ પણ એજન્સી કે કંપની દ્વારા આ કામની મંજુરી લેવાઈ છે કે નહીં તે બાબતે જવાબદાર પ્રશાસનના કર્મીઓ જ અજાણ છે. તાલુકામાં કોઈ પણ ડિપાર્ટમેન્ટની મંજુરી કે પરવાનગી લીધી.

રોડની સાઈડમાં વન વિભાગ ની હદમાં કામગીરી પુરજોશમાં ચાલી રહી છે છતાં ફોરેસ્ટ વિભાગની કે માર્ગ મકાન વિભાગ ની મંજુરી લેવાઈ નથી.ખાતાની મનજૂરી લેવી પડે તે પણ લીધી નથી, કેટલીક જગ્યાએ વૃક્ષો ની બાજુમાં જ ખાડા ખોદવા તેમજ મશીન થી હોલ પાડીને કામગીરી કરાય રહી છે ક્યાંક વૃક્ષ ના મૂળ તૂટી જાય છે જેના કારણે વૃક્ષ સુકાય જવા ના બનાવો બને તો તે જવાબદારી કોની ? જે વર્કરો કામ કરી રહ્યા છે તેમની માટે કોઈજ સેફ્ટી નથી, અન્ય રાજ્યો ના મશીનો લાવીને કામગીરી કરાય રહી છે તો આ શીનોનો ટેક્સ ભર્યા છે? કે .કેમ આ તમામ બાબત તપાસ નો હોય તો તંત્રના જવાબદાર કર્મિઓ દ્વારા તપાસ કરાશે ખરા?

બનાસકાંઠામાં ફરી ભૂકંપનો આંચકો, વિરમપુરના કેંગોરા ગામે નોંધાયુ કેન્દ્ર બિંદુ

ઉત્તર ગુજરાતમાં ફરી એકવાર બુધવારે ભુકંપનો બીજો આંચકો આવ્યો છે. અગાઉ કરતા ઓછી તિવ્રતાના ભુકંપથી બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં જાનમાલને કોઈ જ નુકશાન નથી. જોકે, વાવાઝોડું, આકરી ગરમી અને ભુકંપના આંચકાને પગલે કુદરતનો કહેર વર્તાઈ રહયાનું સામે આવ્યુ છે.

આવી સ્થિતિમાં મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરાવલી સહિતના જીલ્લાઓના રહીશો મુંઝવણમાં મુકાયા છે. બનાસકાંઠાના પાલનપુરથી ૩૨ કિલોમીટર દુર અમીરગઢ તાલુકાના વિરમપુર પાસે કેંગોરા ગામે ભુકંપનું કેન્દ્ર બિંદુ.

ધાનેરામાં પણ વાયુ વાવાઝોડાની અસર : ભારે પવન સાથે વરસાદ

બાજરીના પાકને નુકશાન : નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

વાયુ વાવાઝોડાની અસર બનાસકાંઠા જિલ્લાના ધાનેરા માં

પણ જોવા મળી હતી. ભારે પવન સાથે વરસાદ વરસતા નીચાણવાળા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા તો બીજી તરફ ખેડૂતોનો ઊભો પાક પણ ભારે પવનથી પડી જતા ખેડૂતો ના મોઢે આવેલો કોળિયો પણ છીનવાયો છે.

ગુજરાતમાં વાયુ વાવાઝોડાને લઈ લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે વાયુ વાવાઝોડાને ને લઈ તંત્ર પણ સજ્જ બન્યુ છે અને કોઈ જાનહાનિ માલાની કે નુકસાન ન થાય તે માટે તંત્ર કામે લાગી ગયું છે અને લોકોને પણ સાવચેતીના ભાગરૂપે સ્થળાંતર કરાવી રહ્યું છે ત્યારે ગઈકાલે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાયુ વાવાઝોડાની અસર જોવા મળી હતી અને દરિયાકિનારાઓ પણ તોફાની બન્યા હતા ત્યારે ગત મોડી રાત્રે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ વાયુ વાવાઝોડાની અસર જોવા મળી હતી ભારે પવન સાથે વરસાદ વરસતા અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા ભારે પવન અને વરસાદને લઈ વિજળી પણ ગુલ થઈ હતી અને સમગ્ર ધાનેરા

શહેરમાં અંધારપટ છવાયો હતો તે બાદ ભારે વરસાદ વરસતા ધાનેરાના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા તો બીજી તરફ ખેડૂતોના ઉભા પાક પણ ભારે પવન ને લઈ પડી જવા પામ્યા હતા અને બાજરીના પાકને મોટા પ્રમાણમાં નુકશાન થવા પામ્યું હતું ત્યારે ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળતું જોવા મળ્યો હતો અને ખેડૂતોને મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવા પામ્યો હતો વાવાઝોડાની અસર ધાનેરામાં જોવા તો મળી હતી પરંતુ અત્યાર સુધી કોઈ જાનહાની કે નુકસાનના સમાચાર સામે આવ્યા નથી.

ધાનેરામાં સરકારી તંત્રમાં ચાલતી દલાતરવાડીની નીતિ

જૂની કહેવત આજે સાચી પડી રહી છે અને ધાનેરામાં ચાલતા સરકારી કામોમાં આવો જ કંઈક જોવા મળી રહ્યું છે.

કોઈ પણ યોજના હોય અથવા લોકોના હિતની વ્યવસ્થા માટે આ કહેવત પ્રમાણે થઈ રહ્યું છે હકીકતમાં અંદર અને બહાર મોટા ખર્ચા કરી આયોજન માં પણ કોઈ મગજ દોડાવ્યા વગર તેમ જ ભવિષ્યના વિચારો સાથે અસંમત વર્તીને કામો થઈ રહ્યા છે લાખો રૂપિયાના કામો માં કરોડો રૂપિયાના બિલો બની રહ્યા છે જો આવું જ ભ્રષ્ટાચાર ચાલુ રહેશે તો દેશને લૂંટવામાં કઈ બાકી રહે તેમ લાગતું નથી વ્યવસ્થા માટેના કામો થઈ રહ્યા છે પરંતુ તે કામો કરતાં બિલો મોટા બની રહ્યા અને મળતિયાની મીલી ભગતનાં પોત પોતાના ખિસ્સા ભરી રહ્યા છે તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે આ બાબતે ઉચ્ચ અધિકારીઓ તપાસ કરશે કે પછી દલાતરવાડી ની નિતી ચાલું રહેશે.

પાલનપુર આબુરોડ નેશનલ હાઈવે પર આવેલા

ગંગાસાગર નજીક એબ્યુલન્સ ડીવાયડર કૂદીને પલ્ટી મારી

પાલનપુરથી આબુરોડ જવાના નેશનલ હાઈવે ઉપર

આવેલા ગંગાસાગર નજીક પાલનપુર દવાખાને જઈ રહેલી એબ્યુલન્સ કાર ડીવાયડર ચઢી જઈને રોન્ગ સાઈડ રોડ ઉપરથી નાળુ કુદીને બાજુના ખાડામાં ઉતરી ગઈ હતી.

આબુરોડ તરફથી દર્દીને લઈને પાલનપુર તરફ આવી રહેલી એબ્યુલન્સ કારને અમીરગઢ તાલુકાના ઈકબાલઢ નજીક આવેલા ગંગાસાગર પાસે ગમખ્વાર અકસ્માત નડ્યો હતો જેમાં કાર રોડની વચ્ચે આવેલા ડીવાયડર પર ચઢી જઈને રોન્ગ સાઈડના રોડ પર આવેલુ નાળા ઉપરથી પટકાયને રોડની બાજુમાં આવેલા ખાડા માં ઉતરી ગઈ હતી જેમાં કારમાં બેઠેલા ચાર જેટલા લોકોને ને ઈજાઓ થતાં તાત્કાલિક પાલનપુર સારવાર અર્થે લઈ જવાયા હતા આ અકસ્માત એટલો ભયંકર હતો કે નજરે જોનારા કંપી ઊઠે પણ ઘટના સ્થળે થી પ્રાપ્ત વિગત મુજબ કોઈ મોટી જાનહાની થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

પાલનપુરમાં વાયુ વાવાઝોડાના પગલે ભારે

પવન સાથે વરસાદ ભારે ગરમીથી અકળાયેલા લોકો ઠંડકથી ખુશખુશાલ

પાલનપુર

ગુજરાતના દરીયાકાંઠે વાયુ વાવાઝોડું ત્રાટકવાના પગલે સરહદી બનાસકાંઠા જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં મોડી સાંજે ભારે પવન આંધી સાથે ધોધમાર વરસાદ પડતાં છેલ્લા ૨૦ દિવસથી વધુ સમયથી ભારે તોબા પોકારતી ગરમીથી છુટકારો મળતા ખુશખુશાલ થઈ ગયા હતા. પાલનપુર, ધાનેરા, અંબાજી, ડીસા, વાવ, થરાદ, દિયોદર, વડગામ, દાંતા સહીત ભારે આંધી પવન સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. પાલનપુર શહેર સહીત જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વિજળી ડુલ થઈ જતા પ્રજાજનો અટવાયા હતા.

પાલનપુરના સરીપડા ગામે મહિલાને વિજકરંટ લાગ્યો

પાલનપુર તાલુકાના સરીપડા ગામે એક મહિલાને વીજકરંટ લાગ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતુ કે, ગજરાબેન વરસંગભાઈ ઠાકોર (ઉ.વ. ૩૬)ને ગુરૂવારે વીજકરંટ લાગ્યો હતો. જેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન ગાયને બચાવવા જતાં તેમને વીજ કરંટ લાગ્યો હોવાનું તેણીના પરિવારના સભ્યોએ જણાવ્યું હતુ.

ડીસાના આસેડા પાસે કાર અને છકડો રીક્ષા વચ્ચે અકસ્માત

ડીસા

ડીસા તાલુકાના આસેડા પાસે ગુરુવારે બપોરે સ્વીફ્ટ ડિઝાયર કાર અને છકડો રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ચાર લોકોને ઈજાઓ પહોંચી હતી.તમામ ઘાયલોને સારવાર માટે ડીસા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

ડીસા ખાતે રહેતા પંચાલ સમાજનો પરિવાર આસેડા પાસે તેમના ફાર્મ હાઉસ ખાતે સ્વીફ્ટ ડિઝાયર કાર લઈને જઈ રહ્યો હતો.આ દરમ્યાન ડીસા આસેડા રોડ પર સામેથી પુર ઝડપે આવી રહેલ છકડો રિક્ષા અને કાર વચ્ચે ધડાકાભેર ટકરાતા ચાર લોકોને ઈજાઓ પહોંચી હતી.બનાવના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા.અને ચારે ઘાયલોને સારવાર અર્થે ડીસા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

વાંસળી ગ્રૂપ ગ્રામ પંચાયતમાં ગ્રામ સભા યોજાઈ

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંસળી ગામની વાંસળી ગ્રૂપ ગ્રામ પંચાયતમાં ગ્રામ સભા યોજાઈ હતી .ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, વાંસળી ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ ઈન્દુબેન ભાવિનભાઈ તબીયાર, સી.ડી.પી.ઓ. સહિત ગ્રામજનોની ઉપસ્થિત રહ્યા હતા. વાંસળી ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારના પ્રાણ પ્રશ્નો સત્વરે હલ કરવા ઉગ્ર ધારદાર રજુઆતો કરાઈ હતી. કમઠાડીયા-સુરપુર ગામને રેવન્યું વિલેજ અને અલગ કોડ નંબર ફાળવવામાં આવે તેવી માંગણી સંદર્ભે અંગે ચર્ચા-વિચારણા કરાઈ હતી.

મહેશ્વરી સમાજના સ્થાપના દિવસ નિમિત્તે મોડાસામાં ભવ્ય શોભાયાત્રા નિકળી

મહેશ્વરી સમાજના સ્થાપના દિવસની અરવલ્લી જિલ્લામાં ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેઠ મહિનાની નુમના દિવસે મહેશ્વરી સમાજની ઉત્પત્તિ થઈ હોવાનું માનવામાં આવે છે, જે અનુસંધાને સમાજના આગેવાનો દ્વારા મહાદેવની વિશેષ પૂજા અર્ચના કરી છે. મોડાસા શહેરમાં મહેશ્વરી સમાજના સ્થાપના દિવસ નિમિત્તે સમાજના આગેવાનો દ્વારા શહેરમાં ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. મહેશ્વર એટલે મહાદેવ અને આ જ નામ પરથી જે સમાજની ઉત્પત્તિ થઈ છે તે સમાજ એટલે મહેશ્વરી સમાજ. નુમના દિવસે આ સમાજનો સ્થાપના દિવસ હોવાથી ઠેર ઠેર ઉજવણીઓ કરાઈ હતી. અરવલ્લી જિલ્લાના મોડાસામાં પણ તેની ઉજવણીના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં શોભાયાત્રા ફરીને શિવના જયગારા સાથે રસ્તાઓ ગૂંજી ઉઠ્યા હતા. મોડાસાના રામપાર્ક વિસ્તારમાંથી શોભાયાત્રા નિકળી, કલ્યાણ ચોક, માલપુર રોડ, કુંભારવાડા થઈને કાશીવિશ્વનાથ મહાદેવ પહોંચીને સમાપન થયું હતું. શોભાયાત્રામાં બાળકોએ વિવિધ વેશભૂષામાં સજ્જ થયેલા જોવા મળ્યા હતા. જેમાં શિવ, પાર્વતી તેમજ દેવી દેવાતીઓની ઝાંખી દર્શાવવામાં આવી હતી.

વાવાઝોડાથી બચવા બનાસકાંઠા જિલ્લામાં સાવચેતીના પગલા ભરાયા

પાલનપુરમાં હોડીંગ્સ ઉતારાયા, અમીરગઢમાં કંટ્રોલરૂમ કરાયો ઉભો

બનાસકાંઠા જિલ્લામાં વાવાઝોડાની આગાહીને પગલે વહિવટીતંત્ર સજ્જ થયું છે. જ્યાં જિલ્લા મથક પાલનપુરમાં મોટા હોર્ડિંગ્સ ઉતારવામાં આવ્યા હતા. આ ઉપરાંત ડિઝાસ્ટર વિભાગ દ્વારા તમામ પ્રકારની સ્થિતિને પહોચી વળવા માટે પુરતી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં દસ્તક દેનાર વાવાઝોડાની અસર બનાસકાંઠા જિલ્લામાં પણ થનારી છે. જેના પગલે બુધવારે જિલ્લાના વાતાવરણમાં પલટો નોંધાયો હતો. સમગ્ર દિવસ આકાશ વાદળોથી આચ્છાદિત રહ્યું હતું. જોકે, ભારે બફારાથી લોકો અકળાયા હતા.

બીજી તરફ વાવાઝોડાની આગાહીમાં તેજ ગતિથી પવન ફૂંકાવાની અને વરસાદી ઝાપટા પડવાની સંભાવના હોઈ વહિવટીતંત્ર દ્વારા સાવચેતીના ભાગ રૂપે પગલા ભરવામાં આવ્યા હતા. જ્યાં પાલનપુરમાં રોડ ઉપર ઉભા કરાયેલા ભારેખમ હોંર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા હતા. તેમજ વાવાઝોડાની આગાહીના પગલે અમીરગઢમાં ઓફિસ કંટ્રોલરૂમ તૈયાર કરવામાં આવ્યો છે.

આ અંગે ડીઝાસ્ટર અધિકારી હરેશભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતુ કે, તમામ અધિકારી- કર્મચારીઓને હેડકવાર્ટસે હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. જો કોઈ અનિચ્છનિય ઘટના ઘટે તો કંટ્રોલરૂમના ફોન નં. ૦૨૭૪૨-૨૩૨૧૭૬ ઉપર તાત્કાલિક જાણ કરવા જણાવાયું છે.